વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ Vol. 16 No.9

# રમણભાઈ : એક વીચાર !



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyashodhaksabha.com પર જાઓ.

# રમણભાઈ પાઠકને સ્મરણાંજલી

–ડો. ગણેશ ખૈરે
મો.–૯૩૨૭૭ ૧૨૨૦૩

**શાબ્દીક નીવાપાંજલી**

પલે પલે તારો જીવન સંદેશો
આંખો ને મારી ભીંજાવી રહ્યો છે !
તાંત્રીકોના પંજે પીંખાતા રહેલા,
માનવ કલેવર ને સજાવી રહ્યો છે ! (૧)
નથી ચમત્કારોમાં મને કોઈ શ્રદ્ધા
ન કો દેવતા કે ના પીર-પયગમ્બર;
છતાં કોઈ જાણે શેં ભાવશુન્ય મારા
હ્દયમાં તું આસન જમાવી ચુકયો છે ! (૨)
એવા કયા કીમીયાનો કારીગર કે
મનુષ્યને માનવ બનાવી રહ્યો છે ! (૩)
ગંગાનાં નીર્મળ નીરથી જગતનાં
ધોવાય પાપો લોકો કહે છે !
અજ્ઞાનનાં એ પાપોને ધોવા
વીજ્ઞાન-ગંગા વહાવી ચુકયો છે ! (૪)
માર્ગ છે અજાણ્યો ને મોજાં ભયંકર,
સંસાર-સાગર તરવો છે દુષ્કર;
હવે હોય શાને ફીકર ડુબવાની
કુશળ મરજીવો જ્યાં તરાવી રહ્યો છે ! (૫)
માનવ વીકાસ છે ધ્યેય જીવનનું,
નો ’તી કોઈ તૃષ્ણા તને આ જગતની
માનવનો પૈગામ પહોંચાડી વીશ્વે
‘રમણ’ સર્વે માનવને નચાવી રહયો છે ! (૬)

---

**સત્યશોધક સભાને દાન**

ગાંધીનગરના પ્રવીણ ગઢવી તરફથી સત્યશોધક સભાને રુ. ૧૦૦૦/- નું દાન મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

૩-૯-૨૦૨૨ સુર્યકાન્ત શાહ (પ્રમુખ)

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી
ડો. સુષ્મા ઐય્યર
મનસુખ નારીયા
જનક બાબરીયા

૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ | સળંગ અંક : ૩૭૦ | Vol. 16 No. 9

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)


## રમણભાઈ : એક વીચાર !

**–સુર્યકાન્ત શાહ**

સત્યશોધક સભા બરાબર સમજે છે કે રમણ પાઠકના લેખોને કારણે, ખાસ કરીને દક્ષીણ ગુજરાત વીસ્તારમાં રેશનાલીઝમને સ્વીકારનારા, રેશનાલીઝમને સમજવા માટે તત્પર અને રેશનાલીઝમને સહન કરી લેવા જેટલી સહીષ્ણુતા કેળવનારા ગણનાપાત્ર લોકો તૈયાર થયા. રેશનાલીઝમનો વીચાર અને તેમાંથી નીપજતી જીવનશૈલીના મુળ વીચારક રમણ પાઠક નહોતા, પરંતુ  એ વીચાર તો એમનો અને એમનો જ હતો કે કલમ દ્વારા લોકોની વચ્ચે રેશનાલીઝમને રમતુ મુકી શકાય. તેઓ એ કરી શકયા. એમના લેખનકાર્યને પરીણામે દક્ષીણ ગુજરાતમાં રેશનાલીઝમ તીરસ્કૃત થતુ બંધ થયું. રેશનાલીઝમને સમજનારા અને સમજાવનારા સક્રીય બન્યા. એવું દેખાયું છે કે સામાન્ય જન માટે વીજ્ઞાનનો મુળ વીચાર સમજવાનો જરા મુશ્કેલ છે. મુળ વીચાર ગાણીતીક ભાષામાં અને કલીષ્ઠ શબ્દોમાં પ્રગટ થાય છે. એ વીચારને સમજનારા ત્યારબાદ એને વધુને વધુ લોકભોગ્ય ભાષામાં મુકવાનું ઉમદા કાર્ય કરે છે. આ માટે છેવટના માણસ સુધી પહોંચવા માહીતીસંચાર કરનારાઓની શ્રેણી તૈયાર થાય છે. રમણભાઈ એ શ્રેણીના સભ્ય હતા. એમની આ કામગીરી જોઈને જ સત્યશોધક સભાએ એમના નામનો 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રક રેશનાલીઝમ ક્ષેત્રે કાર્ય કરનારાઓને અર્પણ કરવા માંડયો છે.

---


ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

એ જ પ્રમાણે સત્યશોધક સભાએ આ વર્ષ 'રમણ પાઠક જન્મશતાબ્દી ઉજવણી વર્ષ' તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. આ ઉજવણી દ્વારા સભા વધુને વધુ લોકો સુધી પહોંચીને એમને રેશનાલીઝમથી માહીતગાર કરવા માંગે છે. રમણભાઈએ જે કાર્ય એમના જીવનનાં કીંમતી વર્ષોમાં કર્યું તે જ કામ સત્યશોધક સભા એના સ્થાપનાકાળથી કરે છે. રમણભાઈની જન્મશતાબ્દીને નીમીત્ત બનાવી એ કાર્યને વધારે વેગવંતુ બનાવવાનો સત્યશોધક સભાએ નીર્ધાર કર્યો છે. એ નીર્ધારના ભાગરુપ 'સત્યાન્વેષણ'ના આ અંકને રમણભાઈનો વીશેષાંક બનાવ્યો છે. આ વીશેષાંક માટે પોતાના વીચારો અને રમણભાઈ સાથેનાં સ્મરણોને સ્થાન આપતી કૃતીઓ અમારા ધારવા કરતાં ઘણા વધારે મીત્રોએ મોકલી છે. સત્યશોધક સભાના બજેટની મર્યાદા જેતા અમે ચોવીસ વત્તા ચાર ટાઈટલથી વધારે  કદનું માસીક બનાવી શકતા નથી.  પરીણામે કેટલાક મીત્રોના લેખો, વગેરેને આ અંકમાં સ્થાન આપી શકાયું નથી. એ બદલ અમે દીલગીર છીએ. અલબત્ત એ લેખકોના રમણભાઈ પરત્વેના આદર પ્રેમને અમે હવે પછીના અંકોમાં જરુર સ્થાન આપીશું. આ હકીકત દર્શાવે છે કે રમણભાઈ હજી આપણી સ્મૃતીમાં જીવંત છે. ખાસ તો એમના રેશનાલીઝમના વીચારોને જીવી લેવા ઘણા તત્પર છે. આ હકીકત જ દર્શાવે છે કે રમણભાઈ એક વીચાર બનીને આપણી વચ્ચે જીવી ગયા, અને એમની ચીરવીદાય પછી પણ આપણી વચ્ચે તેઓ ધબક ધબક થઈ રહ્યા છે.

---

## સત્યશોધક સભાનાં પ્રકાશનો

| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડૉ. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોની ભીતરમાં રૂા. ૩૦ | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડૉ. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડૉ. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડૉ. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડૉ. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

**મેળવવા માટે મ. ઓ. કરો.**

# વૈચારીક સ્વતંત્રતા

**–તંત્રી લેખ**

રેશનાલીઝમ ક્ષેત્રે ગુજરાતમાં ઘણી સંસ્થાઓ વીવીધ પ્રવૃત્તીઓ યોજતી રહે છે. તે પૈકી સુરતમાં ૧૯૭૯થી કાર્યરત સત્યશોધક સભા પણ અનેક આયોજનો કરે છે. આ દીશામાં આપણા સૌના પ્રેરક અને પથદર્શક એવા આપણા પ્રખર રેશનાલીસ્ટ પ્રા. રમણભાઈ પાઠકનું જન્મ શતાબ્દી વર્ષ છે ત્યારે રમણભાઈના રેશનાલીઝમના આજીવન યોગદાનની સ્મૃતીમાં વ્યાખ્યાનમાળાનું આયોજન કરેલ છે. જેના પહેલા મણકામાં અમદાવાદના જાણીતા રેશનાલીસ્ટ શ્રી મનીષી જાનીનું વકતવ્ય તા. ૨૮ ઓગષ્ટના રોજ સુરત-અડાજણ ખાતે યોજાયું હતું, જેમાં ડો. બી. એ. પરીખ, સંસ્થાના પ્રમુખ સુર્યકાંત શાહ, વીજય ભગત, વલ્લભભાઈ ઈટાલીયાએ પણ પ્રાસંગીક વાતો કરી હતી. આ કાર્યક્રમનો સાર હતો ‘વૈચારીક સ્વતંત્રતા’. જે માણસમાં વૈચારીક સ્વતંત્રતા હોય તે સારુ નરસુ, સાચું ખોટું, કરવા જેવું, તજવા જેવું વગેરે જાતે નકકી કરી શકે. આવા માણસ અંધશ્રદ્ધાના કે કુરીવાજોના ભોગ કદી પણ ન બને.

નાનાં બાળકોનો વૈજ્ઞાનીક અભીગમ ધરાવતા નાગરીક તરીકે વીકાસ થાય તે જરુરી છે. આ માટે તેણે ઘરમાં, સમાજમાં શાળામાં માતાપીતા, સ્વજનો, શીક્ષકો તરફથી વૈચારીક સ્વાતંત્ર્ય મળવું જોઈએ. હા તેની સ્વતંત્રતા સ્વચ્છંદતામાં પરીણમતી હોય તો તેને દીશા દર્શન કરી શકાય. વૈચારીક બંધન તો ન જ હોવું જોઈએ. વીચાર કરવાની પોતાની શકતી પર બીજાનો અંકુશ તેની વીચાર શકતીને મર્યાદીત અને કુંઠીત કરે છે. તેની માનસીક શકતીઓ પર મર્યાદા આવી જાય છે.

y tJttkcttGf tubttxtk ttgt ;ttuvtKt ;tbtl ttbttkSelf Judgement જાતે નીર્ણય કરવાની શકતી નબળી હોય છે. મમ્મી-પપ્પા કહે તે જ સાચું, તેમ જ કરવાનું, નાની નાની વાતમાં બીજાને પુછવું પડે, પછી એવું થાય કે ડગલે ને પગલે પુછયા કરો તો પછી કાયમના રહેશો અપંગ.

પ્રા. રમણ પાઠકે ૩ દાયકાથી પણ વધુ સમય સુધી ‘ગુજરાતમીત્ર’ દૈનીકપત્રમાં રમણભ્રમણ કોલમ દ્વારા રેશનાલીઝમ અને સ્વતંત્ર વીચારની દીશામાં એક અભીયાન ચલાવ્યું હતું. તેની અસરથી ગુજરાતમાં અને આ કોલમના વાચક વર્ગમાં એક નવી ચેતના, વીચારની નવી દીશા, જીવનની જીવવાની સાચી રીતભાત પર અસર થઈ છે તેનાથી રમણભાઈના અનેક માનસીક વારસદારોની પેઢી તૈયાર થઈ છે, જે રમણભાઈના કાર્યોને આગળ ધપાવવા યત્કીંચીત યોગદાન આપી રહી છે.

જાતે વીચાર બધા કરીએ ઓ ભાઈ મારા
જાતે વીચાર બધા કરીએ
બીજાને કાને પછી ધરીએ ઓ ભાઈ મારા
જાતે વીચાર બધા કરીએ.

**–મનસુખ નારીયા**

---

**સત્યશોધક સભાને દાન**

**સરલભાઈ મોરી તરફથી સત્યશોધક સભાને રુ. ૫૦૦/- નું દાન મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.**

૨૯-૮-૨૦૨૨ — સુર્યકાન્ત શાહ, પ્રમુખ

---

* તું નાનો હું મોટો એવો ખ્યાલ જગતનો ખોટો,
આ નાનો આ મોટો એવો મૂરખ કરતા ગોટો. **-પ્રેમશંકર ન. ભટ્ટ**

* માણસ એક એવો ગધેડો છે,
જે એક ખાડામાં બે વાર પડે છે - અરેબીયન કહેવત

* ખરી વાત એ છે કે, ભવીષ્યને ઘડનારા આપણે પોતે જ છીએ.
-મોહનભાઈ પટેલ

---

## અપીલ

ગુજરાતીભાષીઓ માટે રેશનાલીઝમ પર ચીંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસીક છે. માત્ર ગુજરાત-મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વીનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહીનાની પંદરમીએ નીયમીતપણે બહાર પડે છે. એનું વાર્ષીક લવાજમ રૂા. ૨૦૦/- અને આજીવન રૂા. ૨૦૦૦/- છે. મ. ઓ.થી કે સત્યશોધક સભાના બેન્ક ઓફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.

*દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઇટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' **www.satyashodhak sabha.com** પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ આપશે તો એને

# સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો

## (૧) અભીવ્યકતીની આઝાદી વીના રેશનાલીઝમ શક્ય નથી




'ભારતીય સમાજમાં પૌરાણીક કાળથી આજદીન સુધી મહદ્અંશે પ્રજાને અભીવ્યકતીની આઝાદી મળી નથી. કુટુંબમાં પીતૃસત્તાક આણ પ્રવર્તતી હતી, અને હજી ઓછેવત્તે અંશે તે પ્રવર્તે છે. તેથી કુટુંબના સભ્યો મોકળાશથી પોતાના અભીપ્રાયો વ્યકત કરી શકતા નથી. વર્ણવ્યવસ્થાએ તો દાટ વાળ્યો છે. પ્રજાના એંસી ટકા ભાગને નીરક્ષર રાખવાના પ્રપંચથી માંડી કશીયે અભીવ્યકતીની તક તેમને મળે નહીં તે જોવામાં આવ્યું છે. 'રમણ પાઠક જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી'ના પહેલા મણકાના કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે  ચીંતક મનીષી જાનીએ વધુમાં જણાવ્યું હતું કે, 'આઝાદીની ચળવળ દરમીયાન અને આઝાદી મળ્યા બાદ અભીવ્યકતીની થોડી આઝાદી મળી હતી. હવે આ આઝાદી જાણે દીવા સ્વપ્ન બનવા માંડી છે ! ખાસ કરીને માસ મીડીયા જે રીતે વર્તે છે તે અભીવ્યકતીની આઝાદીને રુંધે છે. સત્તાધીશો હમેશાં અભીવ્યકતીની આઝાદીને રુંધે છે. સત્તાધીશો હમેશાં અભીવ્યકતીને દબાવવાના જે પ્રયત્નો કરે છે તેની સામે આપણે જાગૃત સંત્રી બનવાનું છે.

રમણભાઈ સાથેનો મારો જે પરીચય છે અને જે એમને વાંચ્યા છે તે જોતા કહી શકાય કે એ વીવીધ વીષયો પરના પોતાના વીચારો નીર્ભીકપણે રજુ કરતા હતા. રેશનાલીઝમને પ્રજા સ્વીકારે તે માટે તેઓ સતત ચીંતન-લેખન કરતા હતા. રેશનાલીઝમ સ્વતંત્રપણે વીચારવાનું આહ્વાન જાહેરમાં મુકી શકાય તો જ સમાજને રેશનાલીઝમ અપનાવવાની તક મળે, આજે આ કાર્ય ઘણું દુષ્કર થઈ પડયું છે. સત્યશોધક સભા એ દીશામાં જે કંઈ કરી રહી છે તે અભીનંદનીય છે.'

ડો. બી. એ. પરીખના પ્રમુખપદે 'રમણ પાઠક અને રેશનાલીઝમ'ના આ સંવીવાદમાં પ્રમુખપદેથી બોલતા ડો. પરીખે રમણભાઈના જીવનના તે પ્રસંગોને દોહરાવ્યા કે જે બાળપણથી સ્વતંત્ર રીતે વીચારતા રમણભાઈને દર્શાવતા હતા. પંચમહાલ જીલ્લાના નાના ગામમાં પુરોહીત કુટુંબમાં જન્મેલા રમણભાઈ જ્યારે જ્યારે અડધોએક કલાક ચાલતી પુજા-અર્ચનામાં ફરજીયાતપણે જોડાતા ત્યારે યજમાનો તરફથી આવેલ વીવીધ વાનગીઓવાળો થાળ નજર સમક્ષ રહેતો. રમી-રઝળીને ભુખ્યા થયેલા રમણભાઈને તે વાનગીઓ તરત ખાવાની મળતી નહીં. એ જ સમયે વડીલો સમજાવતા કે દરેક જીવને ખોરાક ભગવાન જ આપે છે. ભુખ્યા રાખીને પુજા કરાવનાર ભગવાનની આ શકતી વીશે એમને સંશય થતો. આ સંશય જ સ્વતંત્રપણે વીચારવાની રમણભાઈની પ્રકૃતીને દર્શાવતો હતો. તેઓ શરુઆતમાં જ્યારે સંશય દર્શાવતા હતા ત્યારે એક રેશનલ તરીકે દર્શાવતા નહોતા. તેઓ તો ઈશ્વરના હોવા અને એની શકતી પરત્વે સંશય કરતા હતા. એમાંથી ધીમે ધીમે એમને રેશનાલીઝમ મળ્યું. આમ રમણભાઈના મનપ્રદેશમાં રેશનાલીઝમ અંદરથી ઉગીને પ્રગટયું હતું.

સત્યશોધક સભાના પ્રમુખ સુર્યકાન્ત શાહે સૌને આવકારતા જણાવ્યું હતું કે વૈજ્ઞાનીકોનાં મુળ સંશોધન ગાણીતીક અને જરા અઘરી ભાષામાં હોય છે. આથી શરુઆતમાં બહુ ઓછા માણસો તે સમજી શકે છે. આઈનસ્ટાઈનનાં સાપેક્ષવાદનો સીદ્ધાંત શરુઆતમાં માત્ર એકવીસ માણસો સમજ્યા હતા. ત્યારબાદ બીજી હરોળના વૈજ્ઞાનીકો આ સંશોધનોને સમજ્યા. એમાં સુધારા-વધારા કર્યા. આ તબકકેથી સંશોધનો લોકભોગ્ય બનવા માંડે છે. રમણભાઈ જેવા રેશનાલીસ્ટો એમાં સમાયેલ રેશનાલીઝમને પારખે છે, અને લોકભોગ્ય ભાષામાં તે પ્રજા સમક્ષ રજુ કરે છે. આમ રમણભાઈએ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમને પ્રજા સમક્ષ રજુ કરવાનું બહુ મોટું કામ કર્યું હતું. એમના લેખો વાંચીને દક્ષીણ ગુજરાતમાં ઓછામાં ઓછા એક-સો માણસોએ એમના જીવનમાં રેશનાલીઝમ અપનાવ્યું છે. આ સભાખંડમાં તેમાંના કેટલાક ઉપસ્થીત પણ છે.

રમણભાઈનો પરીચય આપતા વીજય ભગતે ખુબ નીખાલસતાથી શ્રોતાઓને જણાવ્યું હતું કે તેઓ રમણભાઈનો લેખ વાંચીને જ રેશનલ બન્યા છે. રમણભાઈના જીવનના કેટલાક પ્રસંગો અને પોતાની સાથેની એમની કલાકો સુધી લાંબી ચાલેલી ચર્ચાને વીજયભાઈએ ભાવપુર્વક યાદ કરી હતી. તેમાં વળી અમેરીકા જવા માટે ભેગી કરેલી રકમ કોઈક આર્થીક સંકટમાં

ફસાયેલા રેશનાલીસ્ટને આપી દઈ પોતે અમેરીકા જવા માંડી વાળેલું તે પ્રસંગ દર્શાવીને રમણભાઈના રુજુ હૃદયનો વીજયભાઈએ પરીચય આપ્યો હતો.

ઉત્તમભાઈ પરમારે મનીષી જાનીનો પરીચય આપતા જણાવેલ કે જાની આજીવન નખશીખ દલીતો વંચીતોને માટે જીવન ખપાવી દેનારા છે. આજે પણ તેઓ દલીતો-વંચીતોના હક માટે લડે છે. એમના જીવનના આ મીશનને ધપાવવા માટે એમણે સત્તાસ્થાનનો ઉપયોગ કર્યો નથી. તેઓ કોઈ પણ પ્રકારની સત્તાથી દુર જ રહ્યા છે. તળભુમી પર દલીતો-વંચીતોની સાથે ઉભા રહેવામાં જ એમને જીવનનું ધ્યેય સીદ્ધ થતું લાગે છે. નવનીર્માણ આંદોલનના આ આગેવાન સત્તાને પડકારતા રહેવાનું કામ કરે છે. આ મીશન ચલાવવામાં એમણે પોતાની આર્થીક પરીસ્થીતીની ચીંતા જ કરી નથી. એ રીતે તેઓ ઓલીયા જ રહ્યા છે. ત્યારબાદ, જાદવ વેંકરીયાએ મનીષી જાનીનું પુસ્તકથી સ્વાગત કર્યું હતું.

શ્રોતાઓમાંથી વલ્લભભાઈ ઈટાલીયાએ રમણભાઈ સાથેના પોતાના પ્રસંગોને યાદ કરતા જણાવ્યું હતું કે બનતા નાના-મોટા પ્રસંગોએ રમણભાઈનું વર્તન જ તેઓ રેશનલ હોવા ઉપરાંત ખુબ સંવેદનશીલ હતા તે દેખાતું હતું. કેટલાક પ્રસંગો યાદ કરીને એમણે રમણભાઈના આ પાસાને ઉજાગર કર્યું હતું.

શ્રોતાઓમાંથી પુર્વ એ.સી.પી. ભરત પંડયાએ મનીષી જાનીની ચપળતાને યાદ કરી હતી. ગુજરાતમાં ઈ. સ. ૧૯૭૪માં ચાલેલા અભુતપુર્વ નવનીર્માણ આંદોલનના એક આગેવાન મનીષી જાનીને પકડવાને માટે પોતે કેવી દોડાદોડ કરી હતી, છતાં જાની પકડાયા જ નહોતા તેનું રસપ્રદ વર્ણન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમની ઉદઘોષણા કરનાર મનસુખ નારીયાએ છેવટે અતુલ પાઠકજીનો પરીચય આપતા જણાવ્યું હતું કે પાઠકજી તન, મન અને ધનથી સત્યશોધક સભાને મદદ કરે છે. એમણે પાઠકજીને આભાર દર્શાવવાનું જણાવતા પાઠકજીએ સૌનો આભાર માનવાની સાથે બીલીમોરા કોમર્સ કોલેજના પુર્વાચાર્ય કે. વી. નાયકે સભા સ્થાનની ક્ષતીરહીત વ્યવસ્થા કરી આપવા બદલ એમનો પણ આભાર માન્યો હતો. રાષ્ટ્રગીત ગાઈને સૌ છુટા પડયા હતા.

---

**સત્યશોધક સભાને દાન**

**અનીલાબેન અને અમૃતલાલ નાયકના સ્મરણાર્થે અલ્કેશભાઈ તરફથી સત્યશોધક સભાને રુ. ૫,૦૦૦/- નું દાન મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.**

**(૨) ચમત્કાર નીદર્શન કાર્યક્રમ :** તા. ૪-૯-૨૨ ના રોજ સત્યશોધક સભાના ઉપપ્રમુખ મનસુખ નારીયા અને મંત્રી જાદવ વેકરીયાએ સુરતના પાલમાં આવેલ 'વાસુ પુજ્ય' રેસીડન્સીના ગણેશ મંડપમાં ચમત્કાર નીદર્શન કરતા કરતા શ્રોતાઓને વૈજ્ઞાનીક અભીગમ અપનાવવાની અપીલ કરી હતી.

---

**સત્યશોધક સભા**

## નવી કારોબારી (૨૦૨૨ – ૨૦૨૪)

| | | મો. નં. |
|---|---|---|
| ૧. | સુર્યકાન્ત શાહ - પ્રમુખ | ૯૮૭૯૩ ૬૫૧૭૩ |
| ૨. | મનસુખ ભુરાભાઈ નારીયા - ઉપપ્રમુખ | ૯૪૨૬૮ ૧૨૨૭૩ |
| ૩. | અતુલભાઈ પ્રમોદચંદ્ર પાઠકજી - ઉપપ્રમુખ | ૯૮૨૫૪ ૪૩૭૭૯ |
| ૪. | જાદવભાઈ સવજીભાઈ વેકરીયા - મંત્રી | ૯૮૨૫૨ ૮૨૦૨૫ |
| ૫. | ડો. સુષ્માબેન પ્રદીપભાઈ ઐય્યર - મંત્રી | ૯૪૨૬૧ -૦૪૪૩૯ |
| ૬. | હસમુખ ઉકાભાઈ પટેલ - સહમંત્રી | ૯૭૧૨૦ ૮૩૭૭૯ |
| ૭. | સુગીત અતુલભાઈ પાઠકજી - સહમંત્રી | ૯૯૨૫૧ ૪૩૭૭૯ |
| ૮. | મોહનભાઈ રણછોડજી પટેલ - કોષાધ્યક્ષ | ૯૭૨૭૮ ૧૮૩૯૧ |
| ૯. | સીધ્ધાર્થ તબુભાઈ દેગામી - સભ્ય | ૯૪૨૬૮ ૦૬૪૪૬ |
| ૧૦. | પ્રેમજી ઘુડાભાઈ સુમેસરા - સભ્ય | ૯૪૨૬૧ ૮૪૫૦૦ |
| ૧૧. | વીજય મનસુખલાલ ભગત - સભ્ય | ૯૮૨૫૨ ૭૧૨૦૦ |
| ૧૨. | સુનીલ સેવંતીલાલ શાહ -સભ્ય | ૯૪૨૬૧ ૮૪૫૦૦ |
| ૧૩. | વલ્લભભાઈ શામજીભાઈ ઈટાલીયા - સભ્ય | ૯૮૨૫૮ ૮૫૯૦૦ |
| ૧૪. | ધનસુખ ગોવીંદજી પટેલ - સભ્ય | ૯૭૨૬૦ ૧૧૧૪૭ |
| ૧૫. | જનક રામજીભાઈ બાબરીયા - સભ્ય | ૯૯૭૪૭ ૭૫૪૪૨ |
| | મધુભાઈ કાકડીયા - આમંત્રીત | ૯૮૨૫૫ ૩૨૨૩૪ |
| | અકબર લોખંડવાલા - આમંત્રીત | ૯૮૭૯૧ ૦૪૪૪૪ |

**નોંધ : ડો. બી. એ. પરીખ સંસ્થાના મેટ્રન છે.**

# શ્રી રમણભાઈ સાથે મુલાકાત એટલે આનંદનો અવસર

**–સંજય પી. ઢીમર** માછીવાડ, વ્યારા,
જી. તાપી. **મો.–૮૩૪૭૯ ૬૨૪૦૨**

જીંદગી એટલી ચઢાવ-ઉતારવાળી હોય છે કે માનવી કાયમ ખુશ રહી શકતો નથી, પરંતુ રમણભાઈ પાઠક એવા વ્યકતી હતા જેમણે એમની દુખદ ક્ષણો, લાગણીઓ કે મનની નકારાત્મક પળોને પોતાના ચહેરા પર કે વાતોમાં વ્યક્ત થવા દીધી નહીં. તેઓ અનેક તણાવો વચ્ચેથી પસાર થયા, અને અભાવો વચ્ચે જીવ્યા. કેટકેટલી દોડાદોડી કરી ! એમણે એ વાત સાબીત કરી કે આનંદી જીવન જીવવા માટે શરીર સ્વસ્થ હોવું જોઈએ અને મન મજબુત હોવું જોઈએ. તેઓ કહેતા કે જીવનના તમામ આનંદો સંપુર્ણતઃ માણવા જોઈએ, પરંતુ અન્ય કોઈને લેશ માત્ર હાની કે મુશ્કેલી પહોંચાડયા વીના. એમણે 'રમણભ્રમણ' કોલમ દ્વારા સમાજમાં પવર્તતી અંધશ્રદ્ધા , કુરીવાજો દુર કરવાના મહાપ્રયત્નો કર્યા. પોતે જાગૃતીથી જીવ્યા જ, પરંતુ પ્રજાને પણ જાગૃત કરવા સવીશેષ ઝઝુમતા રહ્યા. મેં પોતે પણ એમની સાથે અનેકોવાર મુલાકાત કરી છે. એમણે એટલું સમજાવ્યું કે માનવીની જ્ઞાનેન્દ્રીયો જાગૃત થાય તો આનંદના દરવાજા ખુલી જાય છે. અને આખુ જીવન પલટાઈ જાય છે. બીજા લોકોને શું ગમશે અને શું નહીં ગમે એનો વીચાર કરી ચીલાચાલુ જીંદગીમાંથી બહાર નીકળીને જ જીંદગીનો ખરો આનંદ માણી શકાય. એમાંથી બહાર નીકળીને જીવવાનો આનંદ ખરેખર અદ્દ્ભુત છે. આપણી પાસે જે ન હોય તે મેળવવા દોડાદોડી કરીને જીંદગી પુરી કરવાને બદલે જે છે તેનો ઉપયોગ કરી આ નાનકડી જીંદગીમાં ઉપભોગ કરવો જોઈએ એવું તેઓ જણાવતા. કોઈપણ વ્યકતી પોતાની બધી ઈચ્છાઓ પુરી કરી શકતી નથી, પરંતુ કેટલીક ઈચ્છાઓ પુરી થઈ શકે તેમ હોય તો તે પુરી કરી આ જીંદગીનો ભરપુર આનંદ માણવો જોઈએ. રમણભાઈને નાનાં બાળકો ખુબ ગમતા. એકવાર મેં એમને વાત કરી હતી કે મારા નજીકના એક સંબંધી પોતાની બે નાની બાળકીઓને સ્કુલનું હોમવર્ક કરાવતી વખતે એટલું મારે કે નાની પારેવાં જેવી બાળકીઓ ખુબ રડે કકળે છે, પણ હું કંઈ કરી શકતો નથી. એ વાત સાંભળી એમની આંખોમાં આંસુ આવી ગયા હતા, એટલા એ કોમળ હતા. એવા તો અનેક પ્રસંગો અને વાતો છે એ કયારેક. હા, એટલું ચોકકસ શીખ્યા કે 'રેશનાલીઝમ'થી કેટકેટલા મીથ્યા બંધનો , માન્યતાઓ ખરી જાય છે, અને મારા જીવનમાં એ ખરેખર ખરી પડી ! ઉંચનીચ જેવી નકારાત્મક લાગણીઓ દુર થઈ અને પ્રેમ, દયા, કરુણા, સ્વતંત્રતા, જેવી હકારાત્મક લાગણી જન્મી અને જીવન સુખી સુખી થઈ ગયું. એમનું બારડોલીનું નટરાજ એપાર્ટમેન્ટ કંઈ કેટલાય મીત્રોને મળવાનું સંગમસ્થાન બની ગયુ હતું. જે મીત્રતા એમની ગેરહાજરી હોવા છતાં હજુ પણ ટકી રહી છે અને મજબુત થઈ છે.

# પાઠક સાહેબ મારી નજરે

**–રમેશ નરસીંહ** (ઉન-સુરત)

**મો.–૮૩૪૭૯ ૬૨૪૦૨**

સત્યશોધક સભાનો સંપર્ક, પરીચય મને રમણભાઈ પાઠક સાહેબની ‘ગુજરાતમીત્ર’ની એમની કોલમ ‘રમણભ્રમણ’ થકી સને ૧૯૮૫-૮૬ની સાલમાં થયો. ‘રમણ-ભ્રમણ’ કોલમ થકી મને સર્વ પ્રથમ દેગામી સીદ્ધાર્થભાઈ, જગદીશભાઈ વકતાણા, હસમુખભાઈ પટેલ, સુનીલભાઈ શાહ, મુકુંદભાઈ શાહ, વીજયભાઈ કંસારા (ભગત) જેવા રેશનાલીસ્ટ મીત્રો મળ્યા, અને મને ઈશ્વર ન હોવા વીશેની મારી શંકા અને વીચારોને બળ મળ્યાં, મારા નીરીશ્વરવાદી વીચારો બળવત્તર બન્યા, અને હું નીરીશ્વવાદી બન્યો.

પાઠક સાહેબને પ્રત્યક્ષ મળવાનું અને એમનો પરીચય એમ. ટી. બી. કોલેજમાં ‘ગુજરાતમીત્ર’ અખબારના અભીવાદન કાર્યક્રમમાં પ્રથમ વખત બન્યું. એમના નીખાલસ સ્વભાવ અને સામાન્ય વ્યકતી પ્રત્યેના પ્રેમાદર તથા સરળ વ્યકતીત્વનો પરીચય થયો.

પાઠક સાહેબ એટલે ખુબ જ વ્યવહારુ અને સરળ માણસ. એમના ઘરે જઈએ તો દરવાજે હૃદયપુર્વક ઉમળકાથી આવકાર આપી સ્વહસ્તે પાણી આપી મહેમાનોનું સ્વાગત કરે. જાતે જ ચા બનાવી મહેમાનોને આદર સાથે પીવડાવે. મારે એમના ઘરે ઘણી વખત જવાનું બન્યું છે. હર વખતે એમની પાસેથી એકસરખા એટલા જ પ્રેમાદર મળ્યા છે.

‘સમકાલીન’ અખબારમાં દર મંગળવારે આવતી એમની રેશનાલીઝમની કોલમ સંદર્ભે નીયમીતપણે મંગળવારે સાંજે હું એમને ‘સમકાલીન’ પહોંચાડતો હતો અને પાઠક સાહેબ તરત જ આભાર માનવાનું ચુકતા નહીં. મારે એમની સાથે કેટલીકવાર પત્રવ્યવહાર પણ થતો. પાઠક સાહેબ પત્રનો ઉત્તર આપવામાં કદી પણ વીલંબ કરતા નહીં. તુરંત પ્રત્યુત્તર આપતા એટલા બધા વ્યવહારુ હતા પાઠક સાહેબ. આપણા પાઠક સાહેબ.

પાઠક સાહેબની જન્મશતાબ્દી વર્ષે એમને શત્ શત્ નમન અને સ્મરણ. પાઠક સાહેબનું વ્યકતીત્વ તો ખુબ વીશાળ હતું. આ તો ફકત મારી નજરે.

---

શું કામ જાવું એમની કોઈ કથા સુધી,<br>
સીદ્ધાંત મુકી, જેઓ ગયા નામના સુધી.

-સુનીલ શાહ

# રમણ પાઠક – એક પરીચય

–વીજય ભગત
મો.–૯૮૨૫૨ ૭૧૨૦૦

રમણ પાઠક શતાબ્દી વર્ષ નીમીત્તે યોજાયેલ પ્રથમ કાર્યક્રમમાં શ્રી મનીષી જાની સાહેબની ઉપસ્થીતી વીશેષ નોંધનીય રહી હતી. શ્રી ઉત્તમભાઈ પરમારે મનીષીભાઈનો પરીચય આપીને આ કાર્યક્રમમાં મુખ્ય વકતાની ઓળખ ખુબ જ અંતર મનથી આપી હતી. સત્યશોધક સભાના નવ-નીયુકત પ્રમુખ શ્રી સુર્યકાન્તભાઈ શાહનો રમણભાઈને (તેમના વીચારોને) જીવતા રાખવાનો ઉમદા પ્રયત્ન સાચે જ કાબીલે તારીફ કહી શકાય. વડીલ તથા આપણા સૌના માર્ગદર્શક એવા બી.એ. પરીખ સાહેબની વીશેષ ઉપસ્થીતી ખાસ નોંધનીય રહી હતી.

રમણભાઈ વીશે પરીચય આપવા કરતા રમણભાઈના વ્યકતીત્વ વીશે વાત કરવાનો મને આ તબકકે સુનહરો અવસર મળ્યો હતો. ૧૯૨૨માં રમણભાઈનો જન્મ થયો હતો. તેમનું બાળપણ, તેમનો અભ્યાસ કે તેમના નોકરી/ધંધા વીશે ખાસ કશુ જણાવવું મેં ઉચીત માન્યું ન હતું કેમ કે એ બધું આપણને એમનાં પુસ્તકો અને એમની આત્મકથામાંથી મળી જ જાય છે. એમના અનેરા વ્યકતીત્વથી શ્રોતાગણને મારે પરીચીત કરાવવો હતો.

જેમણે રેશનાલીઝમ શબ્દ થોડો ઘણો પણ સાંભળ્યો હોય, એમણે રમણ પાઠકનું નામ ન સાંભળ્યું હોય એવું બને નહીં. રમણ પાઠક અને રેશનાલીઝમ જાણે પર્યાય બની ગયેલા છે. તેથી જ એમને રેશનાલીઝમના ભીષ્મ પીતામહ કહેવામાં આવ્યા છે. આમ તો આ વીરલ અને વીરાટ વ્યકતીની ઓળખ ૧૫-૨૦ મીનીટમાં આપવી કોઈને માટે પણ કપરી કામગીરી હતી. એમનાં જીવન-કવનની પુરી જાણકારી પણ ન આપી શકાય.

શ્રી ગુણવંત શાહ સાહેબે જેને ગાઠા ગળફા વગરનો માણસ કહયો હોય એવા રમણભાઈ સાથે એમને વર્ષો સુધી ઘરોબો રહ્યો એ અમારે મન તો બહુ મોટી વાત કહી શકાય. એમનાં વાણી-વર્તન-વ્યવહારથી અને એમની કોલમ 'રમણ-ભ્રમણ' વાંચીને મારા સહીત ઘણા મીત્રો રેશનાલીસ્ટ થયા એવું કબુલવાનું અમને તો સદૈવ ગૌરવ જ થાય, અને યશ 'રમણ-ભ્રમણ' કોલમને જાય. આજકાલ કોઈ અખબારમાં રેશનાલીઝમ પર એવા ધારદાર લેખો છપાતા નથી. મેં સુર્યકાન્તભાઈનું આ બાબતે ધ્યાન દોર્યું હતું. 'તેમની ગાર્ડીયન'માં

આવતી કોલમમાં હજુ પાયાના રેશનાલીઝમની વાતો આવે એ વધુ આવકાર્ય છે. આમ તો એમની કોલમમાં ગર્ભીત રીતે રેશનાલીઝમ આવી જ જાય છે પરંતુ હજુ વધારે તાર્કીક અને વૈજ્ઞાનીક વાતો વાચકો સુધી પહોચે તો રેશનાલીઝમનો સાચો પ્રચાર-પ્રસાર વધે. સુર્યકાન્તભાઈએ મારા સુચનની નોંધ લીધી તેનો આનંદ છે.

રમણભાઈએ જેવું લખ્યું છે એવું જ એ જીવ્યા પણ છે. કોઈ દંભ કે દેખાડો નહીં. તેમની પાસે માહીતી ઓછી પણ જ્ઞાન અઢળક, ડહાપણ (wisdom) તો બેસુમાર. તો જ આટલો વીવેક અને વીનમ્રતા આવી શકે.

રમણભાઈની એક નબળાઈની પણ મે વાત કરી હતી. તે એ કે રમણભાઈ હીસાબ-કીતાબમાં ઘણા કાચા. બચતમાં બીલકુલ નહીં માનતા. એમનું પોતાનું પેન્સન તો એમણે જતુ કરેલું. સરોજબેનના પેન્સન પર નીર્વાહ આવી પડેલો. દેવુ કરીને ઘી પીવાની ચાર્વાકની ફીલસુફીમાં માનતા. જો કે તેમણે કયારેય દેવુ કર્યાનું નોંધાયું નથી, પણ રેશનાલીસ્ટ વ્યકતીએ આવક, ખર્ચ, કરકસર, બચત વગેરેમાં પણ વીવેકપુર્વક વ્યવહાર અપનાવે એવું મારું માનવું છે. તેમના જીવન દરમ્યાન એવા કેટલાક યાદગાર પ્રસંગો બની ગયા હતા જેની શ્રોતાઓને રમુજ સાથે જાણકારી આપવાની તક જતી કરી ન હતી !

આનંદથી રહેવું, કોઈને નડવું નહી કે નુકસાન પહોંચાડવું નહી-એવા રમણભાઈના જીવન વ્યવહારની વાતોથી શ્રોતાઓએ પણ વીશેષ આનંદ મેળવ્યો.

આ દુનીયામાં બીજાને આનંદ આપવાના આનંદથી વીશેષ બીજો કોઈ આનંદ નથી એવા રમણભાઈના વીધાનથી શ્રોતાગણ રમણભાઈને ખરા અર્થમાં ઓળખી શકયા. એવું હું ચોકકસ કહી શકું.

અંતમાં ગનીભાઈ દહીંવાળાની એક પંકતીની રજુઆત કરી મેં મારુ વકતવ્ય પુર્ણ કર્યુ.

'જીવનનો એ જ સાચે સાચ
પડઘો છે 'ગની'
હોય ના વ્યકતી ને એનું
નામ બોલાયા કરે....

---

જો બળાત્કારથી બચ્ચાં પેદા થતા હોય તો એનો સીધો અર્થ એ થાય કે કહેવાતો ઈશ્વર બળાત્કારનો સમર્થક છે. તેથી જ તો એ બળાત્કાર અટકાવતો નહીં હોય ને ? **–રમણ પાઠક**

**પ્રા. રમણભાઈ પાઠકની લેખન-પ્રવૃત્તીમાં રુપીયો ગૌણ; રૅશનાલીઝમનો પ્રચાર જ મુખ્ય બાબત રહી છે. ૧૯મી સદીમાં સુરતને નર્મદની જેટલી જરુર હતી, એટલી જ ૨૦મી સદીમાં ગુજરાતને રમણભાઈ પાઠકની જરુર હતી, અને આજે પણ છે !**

### આધુનીક મહર્ષી

## પ્રા. રમણભાઈ પાઠક 'વાચસ્પતી'

### (જન્મ : ૩૦ મી જુલાઈ, ૧૯૨૨)

**–વલ્લભભાઈ ઈટાલીયા**

વનાંચલના એક નાનકડા 'ગોઠ' ગામમાં ચુસ્ત કર્મકાંડી બ્રાહ્મણ પરીવારમાં પ્રા. રમણભાઈ પાઠકનો જન્મ થયો હતો. ક્રાંતીકારી 'લેખક અને વીચારપુરુષ, રમણભાઈ બધી જ હદો વીસ્તારી વીશ્વનાગરીક બન્યા હતા. રૅશનાલીઝમના આદ્યપુરુષ રમણભાઈને જે સાચું લાગ્યું તે એક હાથમાં અને બીજા હાથમાં સત્યની સળગતી મશાલ લઈને એ નીકળી પડયા. 'ગુજરાતમીત્ર'માં રમણભાઈ પચ્ચીસેક વરસથી 'રમણભ્રમણ' કટાર અન્તર્ગત અંધશ્રદ્ધા, કુરીવાજો, વહેમો, ચમત્કારો, પાખંડો અને કર્મકાંડો વીરુદ્ધ એવું તો બોમ્બાર્ડીન્ગ કરતા રહ્યા કે, અવૈજ્ઞાનીકતાથી પ્રભાવગ્રસ્ત કેટલાય વીસ્તારોમાં જયોતીષીઓ, તાન્ત્રીકો અને અન્ધશ્રદ્ધાળુઓ હચમચી ગયા !

'રૅશનાલીઝમ' શબ્દને રમણભાઈએ જ એની બૃહદ વીભાવના સહીત ગુજરાતમાં લોકપરીચીત બનાવ્યો; સાથે સાથે જ વળી એનું ગુજરાતીય આપ્યું અને તે, 'વીવેકબુદ્ધીવાદ'. તેઓનાં લખાણોમાં પાઠક સાહેબે રૅશનાલીઝમની કેવળ વીચારસરણી જ નહીં, એક જીવનવ્યવસ્થા તરીકે એનાં તમામે તમામ પાસાંની ઉંડાણપુર્વક તથા અભ્યાસપુર્વકની વ્યાપક ચર્ચા કરી, જે ગુજરાતમાં અગાઉ કોઈએ જ નથી કરી.

રમણભાઈ શોષણવીહીન વર્ગવીહીન, લીંગભેદવીહીન અને સર્વસમાન એવી સમાજરચનાના પ્રખર હીમાયતી રહ્યા. જે દીવસે કોલેજમાંથી નીવૃત્ત થાયા એ દીવસે જ એમણે સરકારને અરજી કરી કે, 'મારે પેન્સનમાંથી ખાવું નથી. મને પેન્સનની જરુર નથી !' સીદ્ધાન્ત ખાતર પોતાના પેન્શનના હજારો-લાખો રુપીયા જતા કર્યા. પૈસા કમાવાની વૃત્તી જ નહીં. સ્વભાવથી ઉદાર અને ઉડાઉ. સારું કમાયા; પણ બધું ખર્ચી નાંખ્યું. લોભલાલચ કે ભીખારીવેડા એમના સ્વભાવમાં જ નહી. માનપાનનીય મનીષા નહીં; એટલે તો રૅશનાલીઝમ

માટે એમને મળેલા કીર્તી સુવર્ણચન્દ્રકનો એમણે સાદર અસ્વીકાર કર્યો અને કહ્યું કે, 'મને એવા ચન્દ્રકથી કદી ફાયદો થવાનો નથી. આ ચન્દ્રક કોઈ યુવાનને આપો, જેથી એને પ્રોત્સાહન મળે.'

રમણભાઈએ માત્ર રેશનાલીઝમની વાતો નથી કરી; તેઓ રેશનાલીઝમ 'જીવ્યા' પણ. કોઈ પણ જાતના કર્મકાંડ વીના માત્ર અઢી રુપીયાની નજીવી નોંધણી ફી ભરીને, રમણભાઈએ કોર્ટમાં શ્રીમતી સરોજબહેન સાથે લગ્ન કરેલું. આજથી ૭૫ વર્ષ પહેલાં ગુજરાતમાં કુટુંબનીયોજન શું કહેવાય, તેની ભાગ્યે જ કોઈને જાણ હશે. ત્યારે એમને ત્યાં માત્ર એક જ સંતાન, વળી તે પણ દીકરીનો જન્મ થયો અને એમણે સંતતી-નીયમનનું ઓપરેશન કરાવી નાંખેલું ! રમણભાઈ હંમેશાં વીવાદાસ્પદ રહ્યા છે, કારણ કે જમાનાથી ઘણું આગળ વીચારવાની એમને ટેવ હતી.

રમણભાઈ લખે છે ઓછું અને ચર્ચાયું છે વધારે. સામાન્ય રીતે માણસ પોતાની ટીકા થાય તો નારાજ થઈ જતો હોય છે. પણ આ સાહેબ જરા જુદી માટીના. તેઓ પોતાના ટીકાને પણ પોતાની પ્રતીષ્ઠા ગણે ! કયારેક તો લખાઈ ગયા પછી કોઈ વાચક એમનો વીરોધ ન કરે તો, એમને નબળું લખાઈ ગયાનો વહેમ પડે ! પોતાનાં લખાણો અને વીચારો માટે વૈજ્ઞાનીક આધાર સાથે વાદ-વીવાદ, તર્ક અને ચર્ચા કરવા માટે હમેશાં સજ્જ રહે. પોતાની ભુલ થઈ હોય તો કાન પકડવામાં એમને 'મોટાઈ' કદી આડે નહીં આવતી ! લગભગ સ્થીતપ્રજ્ઞ કક્ષાના માણસ, રાગ-દ્વેષ કદી રાખે નહીં; સંઘર્ષને તો ટાળે જ, જરુર લાગે તો, 'ભલે, ત્યારે તેમ....' એમ કહીને ઘણીવાર સામાની ખોટી વાત પણ જતી કરે. રમણભાઈના જીવનમાં બે પરસ્પર વીરોધી ઘટનાઓ એક સાથે ઘટી. સગા-સ્નેહીઓ ને મીત્રોનો અપાર-અનહદ આદર પામ્યા કે એમની સાથે અસંમત થનારાઓનો અનાદર પણ એટલા જ પામ્યા. આ બન્ને ઘટનાઓ રમણભાઈને સરખો આનંદ આપી શકી; એ જ આ રમણ મહર્ષીની મહાનતા છે. દંભ, દ્વેષથી સદન્તર મુકત; પ્રેમ, પ્રસન્નતા અને પ્રામાણીકતાપુર્વક જીવનને વધુ આનંદમાર્ગી બનાવતા મનીષી આદરણીય શ્રી ગુણવંતભાઈ શાહે સુરતની એક સભામાં કહેલા શબ્દોનું મને સ્મરણ થાય છે કે, 'રમણભાઈ પાઠક સુરતના સૌથી વધુ પ્રામાણીક માણસ છે.'

રમણભાઈની કલમ સતત સામાજીક સુધારાઓ માટે વહેતી રહે છે, રેશનાલીઝમ ઉપરાંત એમનાં વીચારો, લખાણો અને વીષયોનો કોઈ પાર નથી. રમણભાઈએ વીસેક જેટલા ચીન્તનાત્મક નીબંધસંગ્રહો ઉપરાંત વાર્તાસંગ્રહો, નવલકથા (ઓથાર), હાસ્ય સંગ્રહો,

સેકસ અને ભાષાવીજ્ઞાન વગેરે વીષયો ઉપર અસંખ્ય મુલ્યવાન, બળવાન અને પ્રાણવાન પુસ્તકો ગુજરાતની પ્રજાને આપ્યા છે. ગુજરાતના પ્રસીદ્ધ કવી અને રમણભાઈના મોટાભાઈ કવી ડૉ. જયન્તભાઈ પાઠકે એકવાર મને કહેલું, 'હું સાહીત્યનો જીવ ખરો; પણ મને એ એક જ ઈન્દ્રીયનું જ્ઞાન; પણ રમણ તો ભુગોળ ને ખગોળ. મનોવીજ્ઞાન, સેકસ, તબીબીશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર ને તત્ત્વજ્ઞાન બધું જ જાણે ! હું ઉંમરમાં રમણથી બે વરસ મોટો ખરો, પણ એ બધા વીષયોમાં હું એનો શીષ્ય છું !'

૧૯૮૦ થી '૮૫ દરમીયાન હું જયારે કોલેજમાં હતો ત્યારે 'રમણભ્રમણ' નીયમીત વાંચતો, વાંચવાનું ખુબ ગમતું; પણ એમની ભાષા કડક એટલે એમનો પ્રત્યક્ષ પરીચય કરવામાં મને જોખમ લાગે ! આખરે ૧૯૮૯માં મીત્ર શ્રી છગનભાઈ બરવાળીય પહેલી વાર મને રમણભાઈ પાસે લઈ ગયેલા. એમને મળ્યા પછી રમણભાઈ બહુ કડક માણસ હોવાની મારી છાપ, તડકામાં બરફ ઓગળે એમ ઓગળી ગઈ. સાવ સાચું કહું તો રમણભાઈથી વધારે વીનમ્ર માણસની હું શોધમાં છું. મીત્ર તો ઠીક, પણ એમના દુશ્મન બનવું પણ પાલવે એટલા વીવેકશીલ માણસ હતા રમણભાઈ !

દુનીયાના લગભગ દરેકેદરેક વીષયમાં એમને રસ અને જાણકારી, પાછી દરેક બાબતે પોતાનો મૌલીક અભીગમ અને અભીપ્રાય તો ખરો જ. પાર વીનાનું વાંચે અને અપાર જ્ઞાનના ધણી, એમની સાથે જેમ જેમ મીત્રતા ગાઢ થતી ગઈ એમ એમ વાંચવાની ટેવ ઘટતી ગઈ. કોઈ પણ પ્રશ્ન ઉઠે તો, ચોપડીઓ ફંફોસવા કરતાં એક ફોન જોડીએ એટલે તત્ક્ષણ પ્રમાણો સાથે ઉત્તર મળી જાય એટલે જ હું ઘણીવાર એમને 'હરતીફરતી લાઈબ્રેરી' કહેતો. 'લોકસમર્થન'ના મારા દરેક લેખો ધ્યાનથી વાંચે, તરત ફોન કરે. ભુલ જણાય તો ત્યાં ધ્યાન દોરે-માર્ગદર્શન આપે અને સારું લાગે ત્યાં પીઠ થાબડે.

બાળકોની સમસ્યાઓ અને સ્ત્રીઓની સમસ્યાઓ એ એમની તીવ્ર વેદનાના વીષયો હતા. આ બન્ને વીષયોમાં બુદ્ધની કરુણા રમણભાઈને 'જીવલેણ' લાગુ પડી હતી ! રમણભાઈ રોતું બાળક સાંભળી અસ્વસ્થ બની જાય. રડવુ આવી જાય. ગરીબ બાળકને કશુંક આપી દે. અપાવી દે અને ખુશ થાય. કોઈ બાળકની લાગણી દુભાઈ જાય તે એમને માટે અસહ્ય વેદના. તેઓ બાળ ઉછેરનું પણ વૈજ્ઞાનીક જ્ઞાન ધરાવે. પોતાના દોહીત્ર

મલ્હારને ત્રણ મહીનાનો હતો ત્યારથી પાંચ વર્ષનો રમણભાઈએ જ કર્યો ! જાણે એક સુસંસ્કૃત માતા ! કોઈ પ્રસીદ્ધ શીલ્પી મુર્તીના ઘડતરમાં જેટલી કાળજી રાખે એટલી કાળજીથી એમણે મલ્હારનો ઉછેર કર્યો.

વૈચારીક બાબતોમાં મોટામાં મોટા માણસોનો જાહેરમાં વીરોધ કરતા અને નાનામાં નાના માણસને ભરપુર આદર આપતા, અમે રમણભાઈને નજરે નીહાળ્યા છે. ઘરના કામવાળા પ્રત્યે પણ એવી જ સહાનુભુતી તથા સ્નેહાળ સૌજન્ય. રમણભાઈ સુરતમાં ૧૩ વર્ષ રહ્યા, કામવાળી-રસોયણ એક જ. એકની એક જ ! બારડોલી રહેવા જવાનું થયું અને સુરતનું ઘર છોડયું ત્યારે મારા ખભા પર હાથ મુકતા અને ઘરની સામે જોતા રમણભાઈએ મને કહ્યું, ‘વલ્લભભાઈ, ઘર છોડવું પડયું એનું જરાય દુઃખ નથી; પણ આ કામવાળી બહેનને નીરાધાર છોડી રહ્યો છું એનું મને પારાવાર દુઃખ છે !’ આટલા મોટા ફીલોસોફરની આંખોમાંથી પણ નાનામાં નાના માણસ માટે આંસુ વહી શકે છે. મને બરાબર યાદ છે કે, કામવાળી બહેને અશ્રુધારા સાથે કહેલું, ‘હે ભગવાન ! મારી ઉંમર પણ આ પાઠક સાહેબને આપી દેજે !’ આજે બારડોલીમાં પણ આઠ વરસથી એક જ કામવાળી-રસોયણ બાઈ છે ! નોકર ભુલ કરે તો પણ ઉગ્રતા ધારણ કરવાનું એમને આવડયું જ નહીં ! એમના બ્લડપ્રેશરમાં કે અવાજના લયમાં કદી નોંધપાત્ર ફેરફાર થતો અમે જોયો નથી ! આને હું રમણભાઈની ‘સ્થીતપ્રજ્ઞતા’ ગણું છું.

ગાંધી વીચારના બહુ પ્રશંસક નહીં, પણ સત્ય, સ્વચ્છતા અને કરકસર (રુપીયા સીવાય) માં ગાંધીજીને જ આદર્શ માને. મહેમાનોને આવતાં વેંત પાણીનો ગ્લાસ ધરી દેવાના રીવાજના સખ્ત વીરોધી. મહેમાન માંગે તો અથવા પુછીને પછી જ પાણી આપે. બાકી એક ગ્લાસ પણ પાણી વેડફાય તો ગાંધીની માફક દુઃખી થઈ જાય. ઉંચામાં ઉંચી ફીલસુફીમાં તો નીપુણઃ પણ ઘરકામમાં પણ એટલા જ નીપુણ ! રમણભાઈના ઘરે જે કોઈ જાય એમને રમણભાઈના હાથની ચા મળતી જ ! વર્ષોથી ઘરકામ કરે, ચા તો જીન્દગીભર જાતે જ બનાવી. પણ એમના રસોડામાં કદી અવાજ કે અકસ્માત નહીં ! કયારેય દુધ ઉભરાઈ ગયું નહીં, બગડી ગયું નહીં કે ઢોળાયું નહીં ! જાણે એક ઉત્તમ ગૃહીણી ! સમયપાલન અને નીયમીતતાના પણ એટલા જ આગ્રહી. ઘડીયાળને કાંટે જ બધા કામ કરે. લેખ લખવા બેસે ત્યારે ત્રણ-ચાર જાતની રંગબેરંગી બોલપેન વાપરે અને જાતજાતનાં ચીન્હો કરે, તેથી કમ્પોઝીટરને વાંચવામાં

તકલીફ ન પડે અને છાપભુલ ટળે. બીજાને તકલીફ ન પડે એની વધુ પડતી ચીવટ રાખે. એથી ઘણીવાર પોતાને જ તકલીફ વેઠવી પડે; પરંતુ 'મારે લીધે કોઈને ય મુશ્કેલી ન પડવી જોઈએ' એ એમનો જીવનમંત્ર. વીવેકબુદ્ધી અને વીનમ્રતાની સાથે સાથે સંવેદનશીલતાનું સંતુલન જાળવવામાં એમણે મહારત હાંસલ હતો. બાકી, સંવેદનશીલતા વગરની બૌદ્ધીકતા સીમકાર્ડ વગરના મોબાઈલ ફોન જેટલી જ ખપમાં આવે ! સાહીત્યકાર ભાઈશ્રી રજનીકુમાર પંડયાએ સાચું લખ્યું છે કે, 'રમણભાઈના રેશનાલીઝમમાં માત્ર અંધશ્રદ્ધા, તંત્ર-મંત્ર, ચમત્કાર વીરોધની જ વાતો નથી; સમગ્ર જીવનવ્યવહારને આવરી લેતા સુઘડ આચાર-વીવેકની વાતો છે. મનુષ્ય માત્રના સુખની સુંદર કામના એ જ રમણભાઈનો ધર્મ છે.'

રમણભાઈને લગભગ બધા જ જાણે છે, પરંતુ બહુ લોકપ્રીય કે સર્વપ્રીય ન થઈ શકયા. તેનું કારણ તેઓ પ્રવાહને પારખીને તેની દીશામાં તરનારા માણસ નહોતા, પણ વીવેકબુદ્ધીના તરાપા પર પ્રવાહની વીરુદ્ધમાં તરનારા માણસ હતા. કદાચ એટલે જ મીત્ર શ્રી જમનાદાસ કોટેચાએ રમણભાઈને 'સામાપુરના તરવૈયા' જાહેર કર્યા છે. એ નામનું રમણભાઈ વીશે આખું પુસ્તક પણ આપ્યું છે. કથાકાર મોરારીબાપુને પણ થયું કે જે માણસ જીંદગીભર જીવના જોખમે લોકપ્રવાહની વીરુદ્ધમાં સામે પુર તર્યો છે એ માણસની એક વાર તો મુલાકાત તો લેવી જ જોઈએ. બાપુ રમણભાઈની સંમતી લઈને પ્રેમપુર્વક બારડોલી રમણભાઈના ઘરે, સામે ચાલીને મુલાકાતે આવ્યા જ !

પરંપરાને આંખો મીંચીને સ્વીકારે એ રમણભાઈ નહીં; આંખો ફાડીને પડકારે એ રમણભાઈ ! સુરતની ભુમી વીર નર્મદ અને પ્રા. રમણભાઈ પાઠક 'વાચસ્પતી'ને જીરવી ગઈ એ પણ નાનોસુનો ચમત્કાર નથી. મીત્રો, ઓગણીસમી સદીમાં સુરતને નર્મદની જેટલી જરુર હતી, એટલી જ વીસમી સદીમાં ગુજરાતને રમણભાઈની જરુર હતી ! અવૈજ્ઞાનીકતા, બુદ્ધીધીરતા અને અંધશ્રદ્ધાના ઘેઘુર જાળાં વચ્ચે ત્રણ-ત્રણ દાયકા સુધી રેશનાલીઝમની ઝુંબેશ ચલાવવી એ કદાચ કોઈને ચમત્કાર ન લાગતો હોય તો પણ, આ દેશમાં ત્રણ દાયકા સુધી કોઈનો માર ખાધા વગર આવી ઝુંબેશ ચલાવવી એ તો ચમત્કાર જ ! ઝટ ગળે ન ઉતરે એવા કયારેક અસમ્મત થવું પડે એવા વીચારોને નીર્ભીકપણે વ્યકત કરનારા લેખકો આજે કયાં અને કેટલા ? હળાહળ પ્રદુષણયુકત વાતાવરણમાં આટલા નીર્મળ, સાચકલા અને તંતોતંત લાગણીથી લથપથ થતા માણસને શોધવા દીવો લઈને નીકળવું પડે એમ છે.

ઈટાલીમાં બ્રુનોએ પૃથ્વી સપાટ નહીં; ગોળ છે એવું જાહેર કર્યું, ત્યારે લોકોએ તેને ખોટો માની જીવતો સળગાવેલો. ગેલેલીયોએ પૃથ્વી સ્થીર નથી; સુર્યની આસપાસ ફરે છે એવું જાહેર કર્યું ત્યારે પણ લોકોએ તેને ખોટો માની સજા કરેલી. બ્રુનો અને ગેલેલીયો બન્ને સાચા હતા એ સદીઓ પછી હવે આપણને સમજાયું. મને લાગે છે કે, 'રમણભાઈ પણ સાચા હતા.' એવું પ્રમાણપત્ર આપવાની જવાબદારી આપણે આવનારી પેઢીઓને સોંપી રહ્યા છીએ !

લેખકો, વીચારકો તો ઘણા અમારા મીત્રો છે. આદરણીય પણ એમાંના ઘણા લાગ્યા; પરંતુ સાચું કહું તો એક માણસ તરીકે, એક માનવવ્યકતી તરીકે રમણભાઈ જેવા વીદ્વાન, જ્ઞાની, વીનમ્ર, કરુણાવાદી અને આનંદમાર્ગી બીજો માણસ મારા ધ્યાનમાં નથી. અમારા મીત્ર શ્રી યાસીનભાઈ દલાલના શબ્દોમાં કહું તો, 'રમણ પાઠક ગુજરાતના સાહીત્ય જગતની અને વીચારજગતની એક મહામુલી મુડી છે, એમને કે એમના વીચારવારસાને ગુમાવવાનું ગુજરાતની પ્રજાને પાલવે એમ નથી.'

હું ઉંમરમાં રમણભાઈથી ૪૦ વરસ નાનો હતો, અને જ્ઞાનમાં ૪૦૦ વરસ, છતાં પોતાના સાવ નજીકના મીત્ર તરીકે એમણે મને સ્થાન અને ગૌરવ આપ્યું. એમના વીચારોથી અને એમની મીત્રતાથી અમારા અસંખ્ય જીવનમાંથી થોડો અંધકાર ઉલેચાયો.

**પ્રસાદ**

'જીવનનો એકમાત્ર હેતુ આનંદનો છે.
એ મનભર મળે ત્યાં સુધી જ માણસે જીવવું જોઈએ.
સ્વજનોને માથે નીરર્થક બોજો બની નીરસ,
જડવત્ અને નીરાધાર બની જીવ્યા કરવું.
એ જીવનના સાચા મરમીને ન જ છાજે.
'માણી' રહ્યો છું એમ લાગે ત્યાં સુધી જીવીશ.
'તાણી' રહ્યો છું એમ લાગે ત્યારે મરીશ;

---

જે શીક્ષીત વ્યકતી ઈશ્વરમાં માને છે, કાં તો તેની બુદ્ધીમાં ખામી છે. (અર્થાત્ તર્કબુદ્ધીનો અભાવ) કાં તો તેના શીક્ષણમાં ખામી છે. (અર્થાત્ વારસાગત દ્રઢ જડ સંસ્કારો) અને કાં તો તેના ચારીત્ર્યમાં ખામી છે. (અર્થાત્ વીચાર-વાણી-વર્તન જુદાં)

**–રમણ પાઠક**

# શ્રી રમણ પાઠક
## વડીલબંધુ અને રેશનાલીઝમના સમવીચારક પ્રણેતા

**ડો. બી. એ. પરીખ**

ગુજરાત રાજયમાં રેશનાલીઝમના આદ્ય પ્રણેતા અને પ્રચારક રમણભાઈ પાઠક સાથે ગાઢ અંગત મૈત્રી કરતાં પણ વધારે સંબંધો હતા. અમે સાથે રહીને ગુજરાત રાજયની સરહદો ઓળંગીને  દેશ પરદેશ રેશનાલીઝમની વીચારધારાનો પ્રચાર કરી તેને લોકપ્રીય અને લોકભોગ્ય બનાવી શકયા છીએ તેનો આનંદ અને ગર્વ છે.

રમણભાઈનો જન્મ જુલાઈ ૩૦, ૧૯૨૨. તેમનાં જીવન વીકાસ અને પ્રવૃત્તીઓ, કાર્યોમાં તેમના અનેરા અને અનોખા વ્યકતીત્વની ઝાંખી થાય છે. પંચમહાલ જીલ્લાના એક અંતરીયાળ ગામડામાં કર્મકાંડી બ્રાહ્મણ પરીવારમાં જન્મ, માતાપીતાની હુંફ અને લાડ પ્યાર વગરનું, રખડપટ્ટી અને તોફાનયુકત બાળપણ, તુટક તુટક શીક્ષણ પામીને છેવટે ૧૯૪૪માં સુરતની એમ. ટી. બી. કોલેજમાં અભ્યાસ કરી સ્નાતક પદવી મેળવી અને ત્યાર પછી અલગારીની રખડપટ્ટીની જેમ મુમ્બાઈ, દીલ્હી વગેરે ઠેકાણે વીવીધ પ્રકારની નોકરીઓ કરી. છેવટે ૩૮ વર્ષની વયે એમ.એ. પાસ કરી ગુજરાતીના અધ્યાપક તરીકે નોકરી કરી. ૬૦ વર્ષની વયે ૧૯૮૨ ઓગસ્ટથી નીવૃત્ત થયા અને ૨૦૧૪માં પ્રખર રેશનાલીસ્ટ તરીકે અવસાન પામ્યા તે તેમની જીવનયાત્રા. આત્મબળ, જાતમહેનત, સીદ્ધાંતનીષ્ઠા, સ્વતંત્ર વીચારધારા, નીર્ભીક લખાણો અને છતાં મૃદુ, લાગણીશીલ, માનવપ્રેમી સ્વભાવ ધરાવતા રમણભાઈને આજે અનેક નામી, અનામી મીત્રો અને પ્રશંસકો માન અને આદરથી યાદ કરે છે.

રમણભાઈ સાથે મારે અંગત ઓળખાણ થઈ તે પહેલાં તેમનાં લખાણો થકી મને તેમનો ઝાંખો પરીચય તો ખરો. વળી તેમના મોટાભાઈ કવી જયંત પાઠક મારી સાથે એમ.ટી.બી. કોલેજમાં મારા સાથી સીનીયર અધ્યાપક હતા. એટલે તે રીતે જયંતભાઈના નાનાભાઈ રમણભાઈના નામથી પરીચીત.. પરંતુ ૧૯૬૨માં હીરાબેન પાઠકની સલાહથી રમણભાઈ નોકરી છોડી એમ.એ. ગુજરાતી વીષય સાથે અભ્યાસ કરવા એમ. ટી. બી. કોલેજ, સુરતમાં દાખલ થયા, ત્યારે તેમને રહેવા અને વાંચવા માટે કોઈ નીશ્ચીત સ્થાન, રહેઠાણ ન હતું. તેથી તેમના મોટાભાઈ જયંતભાઈએ રમણભાઈને કોલેજના વીદ્યાર્થીઓની હોસ્ટેલમાં રહેવા માટે સગવડ કરી આપવા મને વીનંતી કરી.  આ સમયે હું કોલેજ હોસ્ટેલનો વોર્ડન હતો. મેં રમણભાઈના રહેવા

માટે સગવડ કરી, પરંતુ રમણભાઈ ઝાઝા દીવસ હોસ્ટેલમાં રહ્યા નહીં, પરંતુ અગત્યની બાબત એ છે કે તે દીવસથી રમણભાઈને રુબરુ મળવાનું બન્યું અને પરસ્પર પરીચયની શરુઆત થઈ. ૧૯૬૪માં રમણભાઈ ઘણા ઉચ્ચ ગુણ મેળવી એમ.એ. પાસ થયા. અત્યાર સુધીનાં વર્ષોમાં રમણભાઈની ગુજરાતીના વીદ્વાન લેખક, કવી, વાર્તાકાર તરીકેની ખ્યાતી પ્રસરી ચુકી  હતી. તેથી તેઓ એમ.એ. પાસ થયા કે તરત જ તેમને રાજપીપળામાં શરુ થતી નવી કોલેજમાં અધ્યાપક તરીકે જોડાવા આમંત્રણ મળ્યું. રમણભાઈ તો અલગારી જીવ. એક ઠેકાણે એક જ ગામમાં લાંબો સમય રહી શકે નહી.̇  રાજપીપળાથી બારડોલી, ત્યાંથી સંખેડા અને ત્યાંથી ચીખલી કોલેજમાં ગયા. અલબત્ત તેઓ ચીખલી કોલેજમાં ટકી રહ્યા. ત્યાંથી ૧૯૮૨ ઓગસ્ટમાં નીવૃત્ત થયા ત્યાં સુધી આ ૨૦ વર્ષના ગાળામાં સહઅધ્યાપક હોવાના નાતે રમણભાઈને વારંવાર મળવાના અને વીચારોની આપલે કરવાના પ્રસંગો બન્યા છે. ૧૯૬૫-૬૭ ના વર્ષો દરમીયાન તેઓ માનસીક તકલીફોથી પીડાતા હતા, અને સારવાર પણ લેવી પડી હતી તે સમય ગાળામાં પણ મળવાના અને અંગત રીતે વાતચીત કરવાના પ્રસંગો બન્યા છે.

૧૯૭૦ના અરસામાં તેમની પુત્રી શર્વરીએ પી.ટી.સાયન્સ કોલેજ, સુરતમાં પ્રવેશ લીધો ત્યારે તેણીએ કોલેજની લેડીઝ હોસ્ટેલમાં પ્રવેશ મેળવ્યો હતો. હું લેડીઝ હોસ્ટેલનો વોર્ડન હતો. શર્વરી બે વરસ મારી સંભાળ હેઠળ હોસ્ટેલમાં રહી ત્યારે રમણભાઈ અને સરોજબેન અવારનવાર દીકરીને મળવા હોસ્ટેલમાં આવે ત્યારે મળવાનું બનતું.

રમણભાઈના જીવનમાં બનેલો શાસ્વતી નામની યુવતીના કીસ્સાના સંબંધમાં પણ રમણભાઈ મારા સંપર્કમાં આવ્યા હતા. રુઢીચુસ્ત પરંપરાવદી માતાપીતાના દીકરી ઉપર પરાણે લગ્ન કરવાના ત્રાસથી પીડાઈને શાસ્વતી રમણભાઈના આશ્રયે આવી. શાસ્વતીને તેનાં માબાપથી સંતાડી રાખવાની હતી. ત્યારે રમણભાઈને અમારી કોલેજની લેડીઝ હોસ્ટેલ એક સલામત સ્થાન લાગ્યું. તેથી આ શાસ્વતીને હોસ્ટેલમાં રાખવાની દરખાસ્ત થઈ હતી. રમણભાઈને મદદ કરવાનું મને મન તો ઘણું, પરંતુ આ શાસ્વતીનો હોસ્ટેલમાં નીવાસ કંઈ ઝાઝા દીવસ છુપો રહે નહીં, અને આવી ઘટનાની જાહેર જાણ થાય ત્યારે મારી ટીકા તો થાય તે અગત્યની બાબત નથી, પરંતુ આવી ઘટનામાં કોલેજ અને સાર્વજનીક સોસાયટીનાં નામ બદનામ થાય. તેથી રમણભાઈને હું મદદ કરી શકયો નહીં. આ શાસ્વતીએ સમાજીક કુપ્રથાઓ, માન્યતાઓ વગેરે

વીશે વીસેક જેટલા નાના મોટાં પુસ્તકો લખ્યાં છે. તેમાં ત્રણેક પુસ્તકોમાં રમણભાઈએ બહુ પ્રેમથી પ્રસ્તાવના, પરીચય લખ્યા છે. વળી મારાં પુસ્તકો વીશે તેમણે તેમની કોલમમાં પણ વીવરણ વીવેચન રુપે લખ્યું છે.

૨૦૦૭, નવેમ્બરમાં મારા ૭૫ વર્ષ પુરા થવાના આનંદરુપે તે પ્રસંગની જાહેર ઉજવણી કરી હતી. તે સમયે યોજાયેલ સમારંભમાં રમણભાઈએ રેશનાલીઝમ વીશેના મારા અભ્યાસ અને મારી પ્રવૃત્તીઓની સરાહના કરી હતી. રમણભાઈની આસપાસ સતત જીજ્ઞાસુઓનું વૃંદ રહ્યા કરતું, અને તેમને પ્રશ્નો પુછયા કરતું અને શંકાઓ રજુ કરતું. તે સમયે ઘણાને રમણભાઈ કેટલીકવાર કહેતા કે તમે આ બાબતમાં પરીખ સાહેબને મળો, તે તમને વધારે સારી રીતે સમજાવશે.

૧૯૯૭માં રમણભાઈએ ૭૫ વર્ષ પુરા કર્યા તે નીમીત્તે પ્રશંસકોએ સુરતમાં એક જબ્બર સમારંભ યોજ્યો હતો. શ્રીરામ લાગુ જેવા ખ્યાતનામ રેશનાલીસ્ટ, નાસ્તીકવાદી, કલાકાર મુખ્ય મહેમાન તરીકે હતા. આ સમારંભમાં રમણભાઈના સન્માન રુપે રેશનાલીઝમના ક્ષેત્રમાં ગણનાપાત્ર પ્રદાન કરનારાને તેમના નામે ‘રમણભ્રમણ’ નામકરણ કરી એક સુવર્ણચંદ્રક એનાયત કરવાનો હતો. ૧૯૯૭માં આ સુવર્ણચંદ્રક પ્રથમવાર શ્રી બાબુભાઈ દેસાઈને આપવામાં આવ્યો હતો. રમણભાઈની સ્મૃતીને કાયમ રાખવાના હેતુથી આ ‘રમણભ્રમણ’ ચંદ્રક દર વર્ષે રેશનાલીઝમના ક્ષેત્રે કામ કરનારને આપવાની કાયમી જવાબદારી સત્યશોધક સભાએ ઉપાડી લીધી છે.

છેલ્લાં કેટલાક વર્ષોથી રમણભાઈએ બારડોલીને કાયમી નીવાસ સ્થાન બનાવ્યું હતું. અમે અવારનવાર બારડોલી તેમને મળવા જતા. અલબત્ત, કોઈ કાર્યક્રમ હોય ત્યારે રમણભાઈ જરુર સુરત આવતા. રમણભાઈને કોઈ ખાસ રોગ નહીં, પરંતુ વયસહજ તકલીફો અને મર્યાદાઓ તો દરેકને ભોગવવી જ પડે ને ! અંતે સત્ય, સુધારા, વૈચારીક ક્રાન્તીના વીશ્વમાંથી એક ચમકતો તારો ખરી પડયો, માર્ચ ૨૦, ૨૦૧૪ ના રોજ. રમણભાઈ આજે નસ્વર દેહે આપણી વચ્ચે નથી, પરંતુ અક્ષરદેહે તો તે સદા જીવંત જ છે. રમણભાઈનાં લખાણો હજુ આજે એટલાં જ અર્થપુર્ણ અને પ્રેરક છે. જે દ્વારા તેમના ચાહકો જીજ્ઞાસુઓમાં તેમની યાદો સદા જીવંત રહેશે અને પ્રેરણા આપતી રહેશે.

# રમણ પાઠકના અમુલ્ય વીચારરત્નો

**પ્રેષક : એન. વી. ચાવડા**

* પોતાનો જ ધર્મ વીશ્વ સર્વશ્રેષ્ઠ છે, પોતાની સંસ્કૃતીની પુનઃ સ્થાપના કરવાથી વીશ્વમાં માનવજાતનો ઉદ્ધાર થઈ જશે. એવા અસત્યનો અથવા અજ્ઞાનનો ઝંડો લઈને નીકળી પડનારમાં પોતાના ધર્મ-સંસ્કૃતીનાં મુળભુત તત્ત્વો તથા સત્વોનું પાકું જ્ઞાન નહીંવત્ જ હોય છે. તો એના પાયાનાં પરીબળોનો મર્મ તેઓ સમજતાં જ કયાંથી હોય ? આથી કેવળ સ્થુળ કર્મકાંડ કે મીથ્યા આચારોને જ તેઓ ધર્મ અને સંસ્કૃતી માની તેની સ્થાપના માટે થોડાંક બળવાન અને ઝનુની લોકો સમગ્ર સમાજ પર રાક્ષસી અને કાતીલ જુલમ ગુજારતા હોય છે.
* વીજ્ઞાને સમગ્ર દુનીયાને એક મોટા શહેર જેટલી જ કે એનાથી યે નાની એક ખોબા જેવડી બનાવી મુકી છે. એથી કહેવાતા શત્રુઓનું નીકંદન એ ચોકખો આત્મઘાત જ બની રહેવાનો સંભવ છે. તેથી પરાયું, પારકું અને પોતીકું એવા સંકુચીત ખ્યાલો છોડી દઈને જે સાચુ, સારું અને હીતકારી હોય એને જ અપનાવીએ. આપણા ધર્મ-સંસ્કૃતી એ જ પ્રબોધે છે.
* સાચે જ, શાળાઓમાં પ્રાર્થના કરાવવાથી ભાવી પેઢીને અપરંપાર નુકસાન થાય છે, જે આજે આપણે આપણા સમાજમાં સાક્ષાત જોઈ રહયા છીએ. પ્રાર્થનાને પરીણામે પ્રાથમીક શાળાનું બાળક અંધશ્રદ્ધાળુ, જડસુ, અવૈજ્ઞાનીક, ઝનુની તથા નસીબવાદી બની જાય છે. જયારે હાઈસ્કુલ કક્ષાએ પ્રાર્થના કરાવવાથી એ પુખ્ત થતાં ખુશામતખોર, યાચકવૃત્તીયુકત, લાંચ-રુશ્વતખોર અને ભ્રષ્ટાચારી બને છે.
* આસ્તીકોએ એમના ઈશ્વરનો આભાર જ માનવો જોઈએ કે આપણા શાણા પુર્વજોએ દેશમાં ધર્મ અને રાજય શાસન તંત્રને અલગ પાડવાનો પ્રથમ સુધારો બંધારણમાં આમેજ કર્યો, અને આજેય આપણી સર્વોચ્ચ અદાલત એ જોગવાઈને સુદ્રઢ સમર્થન આપે છે.

**પ્રેષક : એન. વી. ચાવડા**

(મારા પુનઃ જન્મદાતા, પથદર્શક, મુરબ્બી માનનીય મીત્ર તથા ગુજરાતના એકલવીર, ઝુંઝારું અને અપુર્વ રેશનાલીસ્ટ પ્રા. રમણ પાઠક 'વાચસ્પતી'ના લેખોમાંથી સંકલીત એમના અમૃત વચનો એમની જન્મશતાબ્દી વર્ષે મારી સ્નેહસ્મરણાંજલી સ્વરુપે.)

# રમણભાઈ સાથેના યાદગાર પ્રસંગો

**–સીદ્ધાર્થી ટી. દેગામી**

સત્યશોધક સભાના સ્થાપના-બીજમાં રમણભાઈનો ફાળો રહ્યો છે. બાબુભાઈએ નોંધ્યું છે કે ૧૯૭૯માં 'સત્યશોધક સભા'ના જન્મ પહેલા સુરતમાં લાખો રુપીયાના ખર્ચે રાધાગોલક યજ્ઞ થવાનો હતો, તેના વીરોધમાં એક સભા જીવનભારતીમાં બોલાવેલી. તેમાં માત્ર બે વ્યકતી આવેલી. એમાંના એક રમણભાઈ હતા. હું નીરાશ થયો, પણ રમણભાઈએ કહ્યું કે, 'હું શનીવારે મારી કોલમ 'રમણભ્રમણ'માં આ વીશે લખીશ, એ લેખની જબરજસ્ત અસર થઈ. સુરતમાં જાગૃત બુદ્ધીજીવીઓ ભેગા થયા. યજ્ઞ વીરુદ્ધ ઝુંબેશ ચલાવવા સભાનું આયોજન થયું. મંડળ સ્થાપવાનું નકકી થયું. જેનું નામ 'સત્યશોધક' સભા રાખવામાં આવ્યું.

શાળા-કોલેજો અને સામાજીક સંસ્થાઓનાં આમંત્રણ મળવા લાગ્યા. ચમત્કારના પ્રયોગો બતાવતા પહેલા ડો. બી. એ. પરીખ, પ્રા. બાબુભાઈ દેસાઈ અને કયારેક રમણભાઈ રેશનાલીઝમ, અંધશ્રદ્ધા, વહેમ, ભુત-પ્રેત, સ્વર્ગ-નર્ક, જ્યોતીષ વગેરે વીશે પ્રવચન આપતા. ભરુચમાં જીએમએફસી કોલોની તરફથી સભાને કાર્યક્રમ માટે આમંત્રણ મળ્યું. કાર્યક્રમ માટે હું, પ્રા. બાબુભાઈ, રમણભાઈ, મુકુંદ ગજ્જર અને જગદીશ વકતાણા હતા. ગણેશોત્સવ ચાલતો હતો. જે હોલમાં કાર્યક્રમ હતો ત્યાં ગણેશની મુર્તી મુકેલી હતી. અમારા કાર્યક્રમની શરુઆત રમણભાઈએ કરી.' એમણે કહ્યું, 'આજે જે અંધશ્રદ્ધા અને વહેમના જંગલમાં આપણે જીવીએ છીએ તેના બીજ બાળપણથી રોપાયા છે. ધાર્મીક સંસ્કાર, ઈશ્વર, સ્વર્ગ-નર્ક, ભુત-પ્રેતની કાલ્પનીક વાતો બાળકને ગળથુથી જ પીવડાવવાનું શરુ થાય છે. મોટો થઈ એ એ જ માન્યતામાં રાચે. એનાં બાળકોને પણ એ જ માર્ગે દોરે. આ ચીલો આજે પણ ચાલુ છે. આજે ભણેલો-ગણેલો વર્ગ પણ તેનાથી બાકાત નથી. અહીંનો જ દાખલો આપુ. આપ સૌએ ગણેશની મુર્તી બેસાડી છે. તેના આકાર વીશે વૈજ્ઞાનીક દ્રષ્ટીકોણથી કયારેય વીચાર્યું છે ? એક માનવ શરીર પર પ્રાણીનાં મસ્તકની સર્જરી કઈ રીતે થાય ? દેવોના ચમત્કારની વાતો શાસ્ત્રોમાં પંડીતો, લોભી, લાલચી, પરંપરીવાદીઓએ ભરચક ભરી છે, અને લોકો તેને સાચી માની લે છે. ગણેશજીની વાર્તામાં પણ એવું જ છે. ત્રીનેત્રધારી, ત્રીકાળજ્ઞાની, દેવોના દેવને ખબર ન હોય કે આ અમારું બાળક છે. શંકરને ભોળાભાળા કહ્યા છે તે બાળક પર ગુસ્સો કરે ખરા ? ગુસ્સો પણ એટલો કે તેનું શીરછેદન કરી નાખે. આ વાત મારા મગજમાં તો બેસતી નથી.

બાળકને સજીવન કરવાની કથામાં કહેવામાં આવ્યું કે , દરવાજા પર જે પહેલું પ્રવેશે તેનુ મસ્તક લગાડવામાં આવશે. હાથી પ્રવેશ્યો, હાથીનું મસ્તક બાળક પર બેસે ખરું ? નાનું

મદનીયું હોય તો પણ એ શકય બને ખરું ? એકને સજીવન કરવા બીજા પ્રાણીની હત્યા કરવી એ ભગવાન માટે ઉચીત ગણાય ? બાળકનું શીર શોધીને લગાડી દેવામાં શું વાંધો હોય ? ખરેખર તો આવી કાલ્પનીક કથાઓ સ્વાર્થી, લાલચી લોકોએ ઉપજાવી કાઢી હોય છે. સામાન્ય માણસોને ગુમરાહ કરવાની ચુકતીઓ છે.'

રમણભાઈના પ્રવચન પછી કહેવાતા ચમત્કારના પ્રયોગોનું નીદર્શન અને તેની પાછળના વૈજ્ઞાનીક કારણોની સમજ આપવામાં આવી. લોકોને ખુબ ગમ્યું.

કાર્યક્રમ પુરો થયા પછી મુખ્ય આયોજકના પત્ની રમણભાઈ પાસે આવી ઝઘડો કરવા લાગ્યા. રમણભાઈએ તેમને કહ્યું કે, 'આ મારા વીચાર છે, માનવું ન માનવું એ તમારી અંગત બાબત છે.' અમારે સૌએ તેમની સાથે ભોજન લેવાનું હતું. આયોજકના પત્નીને ખોટુ લાગતા તેઓ જમ્યા વીના ઘરે ચાલ્યા ગયા.

બીજો પ્રસંગ દમણ ગવર્નમેન્ટ હોસ્પીટલનો છે. હોસ્પીટલમાં એક કાર્યશીબીરમાં ઉદ્‌ઘાટન પ્રસંગે સત્યશોધક સભાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં રમણભાઈ, બાબુભાઈ અને વીચારગોષ્ઠીના સૌ મીત્રો સાથે જોડાયા. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને દમણના નાયબ કલેકટરશ્રી  હતા. કાર્યક્રમની શરુઆત પ્રાર્થનાથી થઈ. પ્રાર્થનાના શબ્દો હતા, 'ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ.......' પ્રાર્થના પછી મહેમાનોનું સ્વાગત અને રમણભાઈનું પ્રવચન શરુ થયું.  'શાળામાં હાથ જોડી, આંખો બંધ કરી (શીક્ષકોના ડરથી) નાદાન બાળકો પ્રાર્થના કરે એ સમજી શકાય, અહીં હોસ્પીટલમાં વીજ્ઞાન ભણેલા ડોકટરો, પરીચારીકાઓ છે. વીજ્ઞાનની શોધ થકી તૈયાર થયેલ સાધનો અને દવાઓનો ઉપયોગ કરી દર્દીઓના ઉપચાર કરતા હોય છે. આમ ભણેલ-ગણેલ વ્યકતી કોઈ અલૌકીક શકતીથી તેમના કાર્ય થઈ રહ્યા છે એવું માને એ દુઃખદાયક છે.' સંચાલન કરતા ભાઈશ્રીએ કહ્યું, 'પ્રાર્થના એ આત્માનો ખોરાક છે.' ભાઈ આત્મા જેવું આ શરીરમાં કશે છે જ નહી તો ખોરાક કયાંથી ખાય ?

ચમત્કારોના પર્દાફાશ કાર્યક્રમ બાદ અધ્યક્ષસ્થાને કલેકટરશ્રીએ જણાવ્યું કે, 'વીજ્ઞાન ધર્મ વીના અધુરું છે. આપણા ઋષીમુનીઓએ માનવજીવનને સુખી બનાવવા ચાર માર્ગ સુચવ્યા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. મોક્ષ એટલે મુકતી. આધ્યાત્મીક માર્ગે આત્માને મોક્ષ મળે છે. એ વાત હું નહી પણ આપણા પુરાણો કહે છે. માનવ જીવનમાંથી ઈશ્વર અને ધર્મની બાદબાકી થઈ જાય તો કેવી અંધશ્રદ્ધા અને અરાજકતા ફેલાય ? લોકોને કોઈ વાતનો ડર જ ન રહે. એટલે મારા મતે સાહેબની બધી વાત સાથે સહમત થઈ શકાય નહીં. કલેકટરશ્રીની આ વાત આઘાત પહોંચાડી ગઈ.

**(અનુ. ટા.–૩ ઉપર)**

(અનુ. પા. નં.-૨૪ નું)

## 'રમણભ્રમણ' ચંદ્રક અને રમણભાઈ

સત્યશોધક સભા દ્વારા દર વર્ષે રેશનાલીઝમ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારને 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' થી સન્માનીત કરવામાં આવે છે. ચંદ્રક સ્થાપીત કરવામાં રમણભાઈ અને બાબુભાઈનું અનોખું યોગદાન છે. વાત એમ બની હતી કે અમેરીકાથી ઈશ્વરભાઈ પટેલ આવ્યા. તા. ૧૧ મી જાન્યુઆરી ૧૯૯૬ના દીવસે ગુજરાતના બધા રેશનાલીસ્ટોને મહેમદાવાદ મુકામે ભેગા કર્યા. અમદાવાદમાં 'સાયન્સ એન્ડ કલ્ચરલ સોસાયટી'ના મુખ્ય અધીપતી શ્રી રવજીભાઈ સાવલીયા આ સંમેલનમાં ઉપસ્થીત હતા. તેમણે પોતાના પ્રવચનમાં એક સરસ વાત કરી. તેમની કીર્તી નામની દીકરીએ પોતાના લગ્નમાં પીતા તરફથી મળનાર ચૌદ તોલા સોનાનો અસ્વીકાર કર્યો. એ ચૌદ તોલા સોનામાં ચૌદ સુવર્ણચંદ્રક બનાવીને સમાજના જુદા જુદા ક્ષેત્રે કામ કરનારી ચૌદ વ્યકતીઓને તેઓની કામ કરવાની અને હોંશ અને ધગશ વધે, એવા ઉમદા આશયે ચંદ્રક આપવાનો એણે નીર્ણય કર્યો હતો. એ વાતની રજુઆત કરીને રવજીભાઈ સાવલીયાએ જણાવ્યું કે રેશનાલીઝમની પ્રવૃત્તીની કદર રુપે એ સુવર્ણચંદ્રક રમણ પાઠકને આપવો એવું અમે મોવડીઓ સાથે ચર્ચા કરીને નકકી કર્યું છે. સૌએ તેમના નીર્ણયને વધાવી લીધો. રમણ પાઠક પોતાનો પ્રતીભાવ આપવા ઉભા થયા. 'આ ઉંમરે આવા માન-સન્માન અને ચંદ્રક એવોર્ડની મને જરુર નથી. આ ચંદ્રક મને આપવાને બદલે મારાથી નાની ઉંમરના જે તમને લાયક લાગે એમને આપો કે જેથી તેમનો કામ કરવાનો ઉત્સાહ વધે.' ખુબ જ વીનંતી અને ભલામણ કરવા છતાં રમણભાઈ એકના બે ન થયા. આ એવોર્ડ માટે રમણભાઈએ જમનાદાસ કોટેચાના નામનું સુચન કર્યું. સૌએ સ્વીકાર્યું. આ બાબતે બાબુભાઈ દેસાઈ નારાજ થયા. બાબુભાઈની નારાજગીની જાણ રમણભાઈને થઈ.

સૌ આનંદોમાં નીર્દોષ આનંદ તો બીજાને આનંદ આપવાનો આનંદ છે એવું માનનારા રમણભાઈ બાબુભાઈની નારાજગીથી દુઃખી થયા. બાબુભાઈની ગેરહાજરીમાં અમો સૌ મીત્રો સાથે રમણભાઈએ વાત કરી. શું કરવું તેની ચર્ચા કરી. મુકુંદ શાહ, વલ્લભભાઈ ઈટાલીયા, વીજય ભગત, પ્રેમ સુમેસરા, ગન બરવાળીયા, દેવેન્દ્ર માંડવીવાળા, સુનીલ શાહ વગેરે સૌ મીત્રોને ચર્ચાને અંતે જણાવ્યું કે સત્યશોધક સભા દ્વારા ચંદ્રક આપી

(વધુ ટા. નં.-૪ ઉપર )

**RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of posta**

**(અનુ. ટા. નં.-૩ નું)**

તેમનું સમ્માન કરીએ તો તે વખતના સત્યશોધક સભાના પ્રમુખ ડો. બી. એ. પરીખ સાહેબને વાત કરી. તેમણે સભા પાસે એવું કોઈ ભંડોળ નથી એવું કહી ના પાડી, 'પણ પૈસા ઉઘરાવી કરી શકાય' એવું કહ્યું અમે સૌ મીત્રોએ ચંદ્રકનો ખર્ચ ઉપાડી લેવાનું નકકી કર્યું. રમણભાઈના ચાહકો સાથે રેશનાલીસ્ટ મીત્રોએ સારું એવું ભંડોળ આપ્યું. રેશનાલીસ્ટ મીત્રોનું અધીવેશન રાખવાનું નકકી થયું. ચંદ્રકને શું નામ આપવું તેની ચર્ચા થઈ. કેટલાક મીત્રો રમણભાઈનું નામ જોડવા માંગતા હતા, પરંતુ રમણભાઈએ પોતાના નામ કરતા તેમની કોલમ 'રમણભ્રમણ' ના નામે આપવાનું સુચવ્યું. વર્ષ ૧૯૯૭માં રમણભાઈના ૭૫ વર્ષના પ્રવેશ પ્રસંગે 'રમણ પાઠક અમૃત મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું. સુરતના નવસારી બજાર સ્થીત રાજશ્રી હોલમાં કાર્યક્રમ રાખવામાં આવ્યો. મુખ્ય મહેમાન તરીકે રેશનાલીસ્ટ અને ફીલ્મના જાણીતા કલાકાર શ્રીરામ લાગુ ઉપસ્થીત રહયા હતા. તેમના વરદ્ હસ્તે બાબુભાઈને 'રમણ-ભ્રમણ' સુવર્ણચંદ્રક અર્પણ કરવામાં આવ્યો.

થોડા વખત પછી રમણભાઈની કોલમ વાંચી રેશનાલીસ્ટ બનેલ અમેરીકા નીવાસી દીપકભાઈ પટેલ તેમના વતન બારડોલી આવ્યા. તેમણે રમણભાઈ સાથે આપને સૌ મીત્રોને તેમના ઘેર આવવા આમંત્રણ આપ્યું. તે સમયે દીપકભાઈએ રમણભાઈને રૂ. ૧ (એક) લાખ આપવાનું કહ્યું. રમણભાઈએ એ રુપીયા લેવાનો ઈન્કાર કર્યો, અને સત્યશોધક સભાને આપવા કહ્યું. એ રુપીયા સત્યશોધક સભાએ બેંકમાં ફીકસ ડીપોઝીટ કરી તેના વ્યાજમાંથી 'રમણ-ભ્રમણ' સુવર્ણચંદ્રક કાયમ માટે આપવાનું ઠરાવ્યું. ત્યાર પછી વલ્લભભાઈ ઈટાલીયાએ પણ સારું એવું દાન આપી ચંદ્રકને વધુ દળદાર બનાવ્યો. આમ 'રમણ-ભ્રમણ' સુવર્ણચંદ્રક રમણભાઈની હાજરીમાં તેમના સહૃદયી મીત્રને ખુશ કરવા સત્યશોધકને કાયમી સંભારણું આપી વીદાય થયા.

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**